# જાહેરાત

## ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતી
## કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર

**(બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત ક્રમાંક : ૧/૨૦૨૧ થી ૧૮/૨૦૨૧ અને બિનસરકારી અનુદાનિત**
**માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત ક્રમાંક : ૧૯/૨૦૨૧ થી ૨૬/૨૦૨૧)**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા. ૧૧/૦૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસ.એચ./૨/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તા. ૦૩/૦૬/૨૦૧૩ના જાહેરક્રમાંક: જીએચ/એસ.એચ./૨૫/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, શિક્ષણ વિભાગના તા. ૨૦/૦૯/૨૦૧૯ના જાહેરનામા ક્રમાંક : જીએચ/એસ.એચ./૮૦/બમશ/૧૧૦૯/૧૯૦૬/ગ, તથા શિક્ષણ વિભાગના તા. ૧૧/૦૧/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : મશબ/૧૧૧૬/૧૨/છ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અનવયે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં) શિક્ષણ સહાયકની પસંદગી અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી દ્વારા મળેલી નીચે મુજબ અંદાજીત ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઇટમાં ઉલ્લેખ કરેલ સુચનાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવે છે. વિગતવાર સુચનાઓ વેબસાઇટ પર મુકેલ છે.

**અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત :**

લાયકાત ધરાવતા ઉમેદવારો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ માટે ઓનલાઇન અરજી તા. ૧૫/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક થી તા.૨૪/૦૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી જ્યારે માધ્યમિક વિભાગ માટે તા. ૧૮/૦૧/૨૦૨૧ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકથી તા. ૨૭/૦૧/૨૦૨૧ ના ૧૮.૦૦ કલાક સુધી વેબસાઇટ https://gserc.in/ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન અરજી કરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલ ફી ઓનલાઇન ભરી શકશે. નિયત સમયમાં ફી ન ભરેલ ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં. માત્ર અને માત્ર ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાત્રી કરીને ત્યાર પછી જ અરજી કનફર્મ કરવાની રહેશે. ઉમેદવારો અરજી કરવાની છેલ્લી તારીખ સુધી પોતાની અરજી edit કરી શકશે ત્યારબાદ સુધારા વધારા અંગે કોઇ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**અંદાજીત ખાલી જગ્યાની વિગત :**

| ક્રમ | વિભાગ | માધ્યમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| 1 | ઉચ્ચત્તર માધ્યમિક | ગુજરાતી માધ્યમ | 3312 |
| | | અંગ્રેજી માધ્યમ | 70 |
| 2 | માધ્યમિક | ગુજરાતી માધ્યમ | 2258 |
| | | અંગ્રેજી માધ્યમ | 49 |

ઉપરોક્ત ખાલી જગ્યાઓમાં મહિલા અનામત અને ભુતપૂર્વ સૈનિક માટે રાજ્ય સરકારના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓ મુજબ ભરતી પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે.

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એક સ્વતંત્ર એકમ તરીકે અસ્તિત્વ ધરાવતી હોઈ સદર શાળાઓની મહિલા અનામત જગ્યા પર ફક્ત મહિલા ઉમેદવારો જ ફાળવવામાં આવશે. આ અંગે મહિલા ઉમેદવારોએ તેઓ મહિલા અનામતની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા ઇચ્છે છે કે કેમ ? તે અંગે ઓનલાઇન અરજી ફોર્મમાં વિકલ્પ આપવાનો રહેશે. વિકલ્પ નહી આપનાર મહિલાઓની ફાળવણી મેરીટના ધોરણે ફક્ત સામાન્ય જગ્યાઓ પર કરવામાં આવશે આવા મહિલા ઉમેદવારોનો મહિલા અનામતની જગ્યા પર હક્ક દાવો રહેશે નહીં.

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ અંદાજીત ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા, તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઇ હકદાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા ઉપર જ પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી. સંજોગોવશાત સમગ્ર જાહેરાત રદ કરવામાં આવશે અને તે અંગે ભરતી સમિતીનો નિર્ણય આખરી રહેશે. આ અંગે ઉમેદવારોનો કોઇ હકદાવો રહેશે નહીં.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૮ના જાહેરનામાથી લેવાયેલ TAT પરીક્ષા સંબંધિત માધ્યમ/વિષયમાં ઉતીર્ણ થયેલા અને પાત્રતા ધરાવતા ઉમેદવારો પ્રસ્તુત ભરતી પ્રક્રિયામાં અરજી કરી શકશે.

યુ.જી.સી. માન્ય યુનિવર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. રાજ્ય બહારની યુનિવર્સીટીની ઓપન અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પરની ઉમેદવારોની નિમણૂંક બિનસરકારી અનુદાનિત/સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતીની વર્ષ-૨૦૧૬ અને વર્ષ-૨૦૧૯-૨૦ જાહેરાત અન્વયે જે તે જગ્યાઓ માટે ઉમેદવારોએ નિમણૂંક બાબતે નામદાર હાઈકોર્ટ માં દાખલ કરેલ કેસોના આખરી ચુકાદાને આધીન રહેશે.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ https://gserc.in/ વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ ભરતી સંબંધિત તમામ સુચનાઓ અને વિગતો વખતો વખત વેબસાઇટ પર અપલોડ કરવામાં આવશે. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ તબક્કે સામેલ ન થઇ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.

Sd/-
(પી. ભારથી, આઈ.એ.એસ.)
અધ્યક્ષ,
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક
શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસદગી સમિતી અને નિયામક,
શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર

માહિતી/૧૭૩૨/૨૦-૨૧

MaruGujarat.in